For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

‘બરસો રે મેઘા મેઘા, બરસો રે મેઘા બરસો’ની સુરતીઓની આજીજી પણ...

ચોમાસાની સત્તાવાર જાહેરાત પણ વરસાદ નથી, વાદળો પણ ગાયબ!

ઉપરથી તાપમાન પણ વધી જતાં લોકો પરસેવે નાહ્યા, હવે આગામી ચાર દિવસ છૂટાછવાયા વરસાદની આગાહી

સુરતઃ હવામાન વિભાગ દ્વારા ગઈકાલે સુરતમાં ચોમાસાના આગમનની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હોવા છતાં શહેરમાં ચોમાસાની અસર હજુ સુધી સ્પષ્ટપણે જોવા મળી નથી. વરસાદના આગમનની આશા વચ્ચે આજે શહેરનું વાતાવરણ ઉનાળા જેવું રહ્યું હતું. આકાશમાંથી વાદળો લગભગ ગાયબ રહ્યા હતા અને દિવસભર કાળઝાળ ગરમીનો અહેસાસ થતાં નાગરિકો પરેશાન બન્યા હતા.

શહેરમાં આજે મહત્તમ તાપમાનમાં વધારો નોંધાયો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી વધીને 35.2 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં સામાન્ય ઘટાડો નોંધાતાં તે 28.8 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. તાપમાનમાં થયેલા વધારાના કારણે બપોરના સમયે ગરમીનો પ્રકોપ વધુ અનુભવાયો હતો. હવામાં 65 ટકા ભેજનું પ્રમાણ નોંધાયું હતું. ભેજનું

...અનુસંધાન પાના ૧૩ પર

આગામી સપ્તાહે દ.ગુજરાત, ઉ. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી વચ્ચે

ચોમાસાની એન્ટ્રી છતાં પણ ગુજરાત તરસ્યું: 23.4 ટકા વરસાદની ઘટ

ગત વર્ષે રાજ્યમાં 26મી જૂન સુધીમાં સરેરાશ 231 મીમી વરસાદ વરસી ચૂક્યો હતો

ગાંધીનગરઃ ગુજરાતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની સત્તાવાર એન્ટ્રી થઈ ગઈ હોવા છતાં વરસાદની ગતિ હજુ ધીમી જોવા મળી રહી છે. રાજ્યમાં ગયા વર્ષની સરખામણીએ 23.4 ટકા જેટલી મોટી વરસાદી ઘટ નોંધાઈ છે. 25 જૂન સુધી રાજ્યમાં સરેરાશ માત્ર 25.77 મીમી વરસાદ નોંધાયો છે, જ્યારે ગયા વર્ષે આ જ તારીખે 231.40 મીમી વરસાદ વરસ્યો હતો. બીજી તરફ રાજ્યના અનેક શહેરોમાં તાપમાન 40 ડિગ્રીની આસપાસ પહોંચી જતાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે.

પાકિસ્તાન અને ઉત્તર રાજસ્થાન પર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય

હવામાન તંત્રના જણાવ્યા મુજબ મધ્ય પાકિસ્તાન અને ઉત્તર રાજસ્થાન ઉપર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. ઉપરાંત મધ્યપ્રદેશ ઉપર પણ અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન રચાયું છે. અરબી સમુદ્ર અને મધ્યપ્રદેશ વચ્ચે ટ્રફ સક્રિય હોવાથી તેમજ નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમી પવનો ફૂંકાઈ રહ્યા હોવાથી આગામી દિવસોમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની શક્યતા છે. ચોમાસાની એન્ટ્રી થઈ ગઈ હોવા છતાં રાજ્યમાં વરસાદની મોટી ઘટ અને ગરમીનો માહોલ ચિંતાનો વિષય બન્યો છે. જોકે આગામી દિવસોમાં ચોમાસું વધુ સક્રિય બનતાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિ વધવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

...અનુસંધાન પાના ૧૩ પર

અસરગ્રસ્તો માટે વૈકલ્પિક પ્લાન શું છે? ડિમોલિશન કોણે કર્યું તેનો જવાબ આપો?

નાસીરનગર મુદ્દે મનપા-પોલીસ-વીજ કંપનીને હાઈકોર્ટનું તા. 29મીએ તેડું

મનપાના અધિકારીઓ હાજર હતા, મનપાની જ મશીનરી હતી તેથી મનપાએ જ ડિમોલિશન કર્યું: અરજદારો

હાઈકોર્ટ વેધક સવાલો પુછ્યા, સુરત પોલીસે અસરગ્રસ્તોની ફરિયાદ કેમ લીધી નહીં?

જો એસઓજીના ડીસીપી નકુમ સ્થળ પર હાજર હતા તો હાઈકોર્ટમાં પણ હાજર રહે

અમદાવાદ, સુરતઃ સુરતના વેડરવાજા ખાતેના નાસીરનગર વિસ્તારમાં 150થી વધુ મકાનોના કથિત ગેરકાયદે ડિમોલિશન મામલે 26 અસરગ્રસ્તો દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં કરાયેલી સ્પે. સિવિલ એપ્લિકેશનની સુનાવણી દરમિયાન અરજદારોએ આક્ષેપ કર્યો હતો કે કોઈપણ નોટિસ, સાંભળવાની તક કે પંચનામા વિના 150થી વધુ મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. જેથી હાઇકોર્ટના જસ્ટિસ નીખિલ એસ. કરિયેલે રાજ્ય સરકાર, સુરત મહાનગરપાલિકા, સુરત પોલીસ અને ટોરેન્ટ પાવર સામે અનેક વેધક સવાલો

રાજ્ય સરકાર પણ આ ઘટનાક્રમમાં પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં: હાઈકોર્ટ

જસ્ટીસ કરિયેલે રાજ્ય સરકાર અંગે પણ ટિપ્પણી કરતાં કહ્યું હતું કે રાજ્ય સરકાર આ સમગ્ર ઘટનામાં પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા અને અન્ય પક્ષકારો પાસેથી પણ સ્પષ્ટતા માંગવામાં આવી છે. આ દરમિયાન ટોરેન્ટ પાવર લિમિટેડ તરફથી હાજર રહેલા ધારાશાસ્ત્રીએ જવાબ રજૂ કરવા માટે સમય માંગતા કોર્ટે મામલાની આગામી સુનાવણી 29 જૂનના રોજ બોર્ડ પર પ્રથમ પ્રાથમિકતાથી રાખવાનો આદેશ કર્યો હતો. સાથે જ અરજદારોને ટોરેન્ટ પાવરના વકીલને અરજીની નકલ પહોંચાડવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો હતો. હવે 29 જૂને થનારી સુનાવણીમાં રાજ્ય સરકાર, સુરત મનપા, પોલીસ તંત્ર અને ટોરેન્ટ પાવર તરફથી જવાબો રજૂ થવાની શક્યતા છે. આ કેસમાં હાઇકોર્ટની આગામી કાર્યવાહી પર સમગ્ર રાજ્યની નજર મંડાઈ છે, કારણ કે મામલો ડિમોલિશન પ્રક્રિયા, નાગરિકોના અધિકારો અને સરકારી તંત્રની જવાબદારી જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ સાથે સંકળાયેલો છે.

મનપાની નોટિસને ઘોળીને પી ગયા બિલ્ડરો: નાસીરનગરમાં ગેરકાયદે બાંધકામ યથાવત હોવાના આક્ષેપ

સેન્ટ્રલ ઝોનના નાસીરનગર વિસ્તારમાં ગેરકાયદે બાંધકામનો વિવાદ વધુ ઘેરો બન્યો છે. મહાનગરપાલિકા દ્વારા આખરી નોટિસ ફટકાર્યા બાદ પણ બિલ્ડરો કોઈ પણ જાતના ડર વિના બાંધકામની કામગીરી ચાલુ રાખતા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. નોંધ નં. 1267/3/1ની વિવાદાસ્પદ જમીન પર પ્લોટ વેરિફિકેશન સર્ટિફિકેટ અને બાંધકામની મંજૂરી વિના જ પ્રોજેક્ટ ઉભો કરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપો વચ્ચે બિલ્ડરોની દાદાગીરી ખુલ્લેઆમ જોવા મળી રહી છે. માહિતી મુજબ, મનપાએ BPMC એક્ટની કલમ 260(1/અ) હેઠળ ગત 16 જૂને બિલ્ડરોને 7 દિવસની આખરી નોટિસ આપી હતી. નોટિસની મુદત 23 જૂને પૂર્ણ થઈ ગઈ હોવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ ડિમોલિશન કે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. બીજી તરફ ગત રાત્રે પણ સાઇટ પર બાંધકામની કામગીરી પૂરજોશમાં ચાલુ રહી હોવાનું સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે ગરીબોના મકાનો સામે ત્વરિત કાર્યવાહી કરનાર તંત્ર હવે બિલ્ડરો સામે રહસ્યમય મૌન ધારણ કરીને બેઠું છે. નોટિસ બાદ પણ બાંધકામ યથાવત રહેતા મનપાની અધિકારીઓની ભૂમિકા અને બિલ્ડરો સાથેની સંભવિત સાંઠગાંઠ અંગે અનેક સવાલો ઊભા થયા છે.

ઉઠાવવાની સાથે સુરત પોલીસ કમિશનરે અરજદારોની ફરિયાદ કેમ સ્વીકારી નહીં તે મુદ્દે સવાલ ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે જો એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમ ઘટનાસ્થળે અનઓફિશિયલ રીતે હાજર હતા તો તેમને આગામી સુનાવણીમાં કોર્ટ સમક્ષ હાજર રહેવું. હાઇકોર્ટે સુરત મનપા, સુરત પોલીસ અને ટોરન્ટ પાવર કંપનીને આગામી 29મી તારીખે ખુલાસા સાથે અને અસરગ્રસ્તોને વૈકલ્પિક વ્યવસ્થાનું શું આયોજન છે ? તેના માસ્ટર પ્લાન સાથે હાજર રહેવાની સાથે મનપા કમિ.ને પણ ડિમોલિશન કોણે કર્યું તે મુદ્દે સ્પષ્ટ જવાબ રજૂ કરવા માટે પણ તાકીદ કરી છે.

અરજદારો તરફથી સિનિયર એડવોકેટ તૃષા પટેલે રજૂઆત

...અનુસંધાન પાના ૧૩ પર

સુરતીઓએ ચિંતા કરવા જેવી નથી, ઉકાઈના ઉપરવાસમાં ‘મેઘમહેર’

ઉપરવાસમાં સેલગાવમાં સૌથી વધુ 119 મીમી, ઉકાઈમાં પાણીની આવક શરૂ થશે

સુરતઃ સુરત જિલ્લામાં વરસાદની આગાહી વચ્ચે ગુરુવારે દિવસ દરમિયાન ગરમી અને ઉકળાટનો અનુભવ થયો હતો. શહેર અને જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો ન હતો, પરંતુ બીજી તરફ ઉકાઈ ડેમના ઉપરવાસમાં આવેલા વિવિધ વિસ્તારોમાં સારો વરસાદ નોંધાતા ડેમમાં પાણીની આવક વધવાની સંભાવનાઓ મજબૂત બની છે.

ઉપરવાસના વિસ્તારોમાં પડેલા વરસાદના આંકડા મુજબ સેલગાવમાં સૌથી વધુ 119 મીમી વરસાદ નોંધાયો હતો. ઉપરાંત નવાથામાં 85 મીમી, બુરહાનપુરમાં 85 મીમી, કુરાનખેડામાં 78 મીમી, સાવખેડામાં 78 મીમી, નરાણેમાં 71 મીમી, દેડતલાઈમાં 63 મીમી, બામ્બરુલામાં 50 મીમી, દુસખેડામાં 48 મીમી અને દહીગાવમાં 47 મીમી વરસાદ નોંધાતા નદી-નાળાઓમાં નવા નીરની આવક શરૂ થઈ છે. તે ઉપરાંત

...અનુસંધાન પાના ૧૩ પર

આજે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ દિવસ નિમિત્તે બીડી-સિગારેટથી ચિત્ર

■ આજે શુક્રવારે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ વિરોધી દિવસ છે ત્યારે સુરતમાં આર્ટોપિયા ગ્રુપ દ્વારા બીડી, સિગારેટ તેમજ દવાથી લોકોની જાગૃતિ માટે ચિત્ર બનાવવામાં આવ્યું હતું. **(તસવીરઃ સતીષ જાદવ)**

કાળા કાચવાળી કાર, ભોજપુરી ગીતો અને કાફલા દ્વારા રસ્તા પર નીકળીને

યુપીના ભાજપના ધારાસભ્યને એરપોર્ટ પર આવકારવામાં ટેકેદારોનો આતંક

ચાલુ ગાડીઓમાં બારીમાંથી બહાર નીકળીને સમર્થકોએ હુરિયો પણ બોલાવ્યો

વિડીયો વાઇરલ થતાં પોલીસની ટેકેદારોને શોધવા માટે દોડાદોડી શરૂ કરી

સુરતઃ ઉત્તર પ્રદેશના ભાજપના ધારાસભ્ય ચંદ્રભાન પાસવાનની સુરત મુલાકાત વેળાએ તેમના ઉત્સાહી સમર્થકોએ સરેઆમ નિયમોનું ઉલ્લંઘન કરીને આતંક મચાવ્યો હતો. કોઈ પણ પ્રકારની વહીવટી કે પોલીસ મંજૂરી વિના જ એરપોર્ટ રોડ પર હાઈસ્પીડ કાર રેલી કાઢીને શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેના કારણે સામાન્ય વાહનચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. આ જોખમી સ્ટંટબાજીના વીડિયો

...અનુસંધાન પાના ૧૩ પર

સોશિયલ મીડિયામાં હોબાળો થતાં ડુમસ પોલીસ જાગી, કાર્યવાહી શરૂ

આ બેફામ રેલીના વીડિયો ઈન્ટરનેટ પર વાઇરલ થતાં જ જાગૃત નાગરિકોએ સુરત પોલીસ કમિશનર અને ટ્રાફિક વિભાગને ટેગ કરીને કડક પગલાં લેવાની માગ કરી હતી. ભારે હોબાળા બાદ હરકતમાં આવેલી ડુમસ પોલીસે તાત્કાલિક તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, વીડિયો અને સીસીટીવી ફૂટેજના આધારે જીતેશ સિંહ સહિતના તમામ વાહનચાલકો અને સમર્થકોની ઓળખ વિધિ તેજ કરવામાં આવી છે. ગેરકાયદેસર મંડળી જમાવવી, જાહેર માર્ગો પર જોખમી ડ્રાઇવિંગ અને પ્રતિબંધિત ડાર્ક ફિલ્મ રાખવા બદલ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરાઈ છે. પોલીસ ટૂંક સમયમાં જ તમામ આરોપીઓને સમન્સ પાઠવી ગાડીઓ ડિટેઇન કરશે તેમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

બાળક પોતાના દાદા સાથે દૂધ આપવા માટે જતો હતો ત્યારે રસ્તામાં સિંહણનો હુમલો

અમરેલીના ચતુરીમાં 5 વર્ષના બાળકને સિંહણે ફાડી ખાધો

ગામથી થોડે દૂર લોહીલુહાણ હાલતમાં બાળકનો મૃતદેહ મળી આવતાં ગ્રામજનોમાં ભય સાથે અરેરાટી

અમરેલીઃ ખાંભા તાલુકાના ચતુરી ગામમાં બનેલી એક કરુણ ઘટનાએ સમગ્ર પંથકને શોકમાં ગરકાવ કરી દીધું છે. ગીરના સીમાડે આવેલા આ વિસ્તારમાં વન્ય પ્રાણીઓ અને માનવ વસાહતો વચ્ચેનો સંઘર્ષ દિવસેને દિવસે વધી રહ્યો છે. ગત રાત્રે ચતુરી ગામમાં પાંચ વર્ષના માસુમ બાળકનો સિંહના હુમલામાં દુઃખદ મોત નીપજતા ગામમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાયો છે.

મળતી માહિતી અનુસાર ચતુરી ગામમાં રહેતો પાંચ વર્ષનો જીયાન દેવકુંભાઈ સીધા પોતાના દાદા સાથે

...અનુસંધાન પાના ૧૩ પર

સિંહોની અવરજવર વધી ગઈ છે છતાં તંત્ર પગલાં લેતું નથી: સ્થાનિક રહીશો

પરિવારના સભ્યો અને ગ્રામજનોએ આ ઘટનાને લઈને ભારે રોષ વ્યક્ત કર્યો હતો. તેમનું કહેવું છે કે છેલ્લા કેટલાક સમયથી ગામની આસપાસ સિંહોની અવરજવર વધી ગઈ છે છતાં યોગ્ય પગલાં લેવામાં આવ્યા નથી. જેના કારણે લોકોમાં સતત ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ઘટનાની જાણ થતાં જ વન તંત્રની ટીમ સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર વિસ્તારને ઘેરીને શોધ અભિયાન હાથ ધર્યું હતું. વન તંત્ર દ્વારા સિંહોને કાબૂમાં લેવા માટે વિશેષ કામગીરી કરવામાં આવી હતી. લાંબા સમય સુધી ચાલેલી કામગીરી દરમિયાન

...અનુસંધાન પાના ૧૩ પર

ત્રીતીય વાર્ષિક પુણ્યતિથિએ હૃદયાંજલિ



સ્વ. જયંતિભાઈ બાલુભાઈ આહિર

સ્વ. તા. ૨૬/૦૬/૨૦૨૩ (સોમવાર) અષાઢ સુદ આઠમ

“નિત્ય અમારા મનમાં ,નિરંતર અમારા હૃદયમાં”

નિરાકારમા જ્યારે એકાકર થયા તમે, ત્યારે ઘડીભર તો લાગ્યું કે નિરાધાર થયા અમે.
આપે આપેલા વિવેક તેમજ ધાર્મિક સંસ્કારો અમારી અમૂલ્ય મૂડી છે.
આપના સત્કર્મ,સેવા, સમર્પણનો પ્રભાવ અમ જીવનમાં આપના અભાવમા પણ અમને
માર્ગદર્શક બનતો રહેશે આપનું સંતરૂપી સરળ જીવન અને ઉચ્ચ વિચારો અમને હંમેશા પ્રેરણા આપતા રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના પરોપકારી દિવ્ય -પુણ્યાત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.
ૐ શાંતિ.. ૐ શાંતિ.. ૐ શાંતિ..

લિ.

સ્વ. અ.સૌ. લક્ષ્મીબેન જયંતિભાઈ આહિર (પત્ની)

સ્વ. સુરેશભાઈ (KALI) જયંતિભાઈ આહિર (પુત્ર)	ગં.સ્વ. કિરણબેન સુરેશભાઈ આહિર (પુત્રવધુ)
પ્રજિતભાઈ સુરેશભાઈ આહિર (પૌત્ર)	પ્રવિણભાઈ વલ્લભભાઈ આહિર (ભત્રીજા)
નિનાદભાઈ સુરેશભાઈ આહિર (પૌત્ર)	જાગૃતિબેન પ્રવિણભાઈ આહિર (પુત્રવધુ)
નવીનભાઈ (લાલો) જયંતિભાઈ આહિર (પુત્ર)	હિનલબેન પ્રવિણભાઈ આહિર (પૌત્રી)
ભકિતબેન નવીનભાઈ આહિર (પુત્રવધુ)	દર્શ પ્રવિણભાઈ આહિર (પૌત્ર)
જશરાજ નવીનભાઈ આહિર (પૌત્ર)	નિલેશભાઈ વલ્લભભાઈ આહિર (ભત્રીજા)
વલ્લભભાઈ બાલુભાઈ આહિર (ભાઈ)	દીપિકાબેન નિલેશભાઈ આહિર (પુત્રવધુ)
સ્વ. અ.સૌ.જમનાબેન વલ્લભભાઈ આહિર (ભાભી)	યથાર્થ નિલેશભાઈ આહિર (પૌત્ર)

સહ પરિવારજનોના ‘જય શ્રી કૃષ્ણ’

‘શિવસદન’ બંગલો, શ્રી ઈચ્છાનાથ મહાદેવ મંદિર પાછળ, SVNIT કોલેજની સામે, સુરત-ડુમસ રોડ, ઉમરા, સુરત.

અગ્યારમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. એલિસ
બિપીનચંદ્ર પટેલ
જ.તા.:૨૮-૦૬-૧૯૯૭
સ્વ.તા.:૨૬-૦૬-૨૦૧૫

રડી પડે છે આંખો અમારી તસ્વીર જોઈ તમારી,
દરેક પ્રસંગે ખટકશે અમોને ખોટ તમારી,
પળભરમાં છેતરી ગયા ઇશ્વરને પુછીશું,
તમારા ખજાનામાં ક્યાં ખોટ પડી કે અમારે જેની ખૂબ જ જરૂર હતી તેની તમને શું જરૂર પડી...?
પ્રભુ તમારા આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

લિ.
બિપીનચંદ્ર છીબાભાઈ પટેલ (પિતા)
ચેતનાબેન બિપીનચંદ્ર (માતા)
એલિસા બિપીનચંદ્ર પટેલ (બહેન)
તથા સમસ્ત છીબાભાઈ લાલભાઈ પરિવાર
મુ. તળાદ, પો. વડોદ, તા. ઓલપાડ, જી. સુરત.

દુઃખદ અવસાન

સ્વ. નલિનીબેન રજનીકાંત શાહ - સ્વ.તા.૨૫-૦૬-૨૦૨૬

ખૂબ જ દુઃખ અને ભારે હૃદયથી અમે તમને જણાવીએ છીએ કે અમારા પૂજ્ય
શ્રીમતી નલિનીબેન રજનીકાંત શાહ(ઉંમરઃ ૮૪ વર્ષ, સુરત)
ગુરુવાર, ૨૫-૦૬-૨૦૨૬ ના રોજ, તેઓ અરિહંતશરણ થયા છે.
તેમના અંતિમ સંસ્કાર શુક્રવાર, ૨૬-૦૬-૨૦૨૬ ના રોજ સવારે ૯:૦૦ વાગ્યે તેમના નિવાસસ્થાનેથી ઉમરા સ્મશાન ભૂમિ કરવામા આવશે.
બેસણું અમારા નિવાસસ્થાને સાંજે ૪ થી ૫:૩૦ કલાક દરમ્યાન રાખેલ છે.
નિવાસસ્થાનઃ A-૨૦૨, શાલીગ્રામ સિગ્નેચર,B/H સંજીવ કુમાર ઓડિટોરિયમની પાછળ,R.T.O. પાલ સામે, પાલ, સુરત - ૩૯૫૦૦૯
ભગવાન દિવંગત આત્માને શાશ્વત શાંતિ આપે અને પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે. ઓમ શાંતિ. શાંતિ. શાંતિ.

લિ. શૈલી શાહ - +૯૧ ૬૩૫૪૮ ૬૨૦૩૦

ચોથી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. ભગુભાઇ ગોમાનભાઇ પટેલ
(પૂર્વ ધારાસભ્ય ઓલપાડ - પૂર્વ કેબીનેટ મંત્રી ગુજરાત સરકાર)
સ્વ. તા. ૨૬/૦૬/૨૦૨૨

આપનું આખું જીવન નિઃસ્વાર્થ કર્મ અને સૌના ભલા માટે સમર્પિત રહ્યું,
આપના સત્કર્મો અને હંમેશા બીજાને મદદ કરવાની આપની ભાવના
અનેક લોકો માટે પ્રેરણારૂપ બની છે એજ આપની સાચી ઓળખ છે,
આપના આદર્શો હંમેશા અમારું માર્ગદર્શન કરતા રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના....

ગં. સ્વ. ભાવનાબેન ભગુભાઈ પટેલ (પત્ની)
જીગ્નેશ ભગુભાઈ પટેલ (પુત્ર)
નૂપુર જીગ્નેશ પટેલ (પુત્રવધુ)
થીયા જીગ્નેશ પટેલ (પૌત્રી)
તથા સમસ્ત ગોમાનભાઈ મોરારભાઈ પટેલ પરીવાર

॥ દુઃખદ અવસાન ॥

સ્વ.આશાબેન
જગદીશચંદ્ર દેસાઈ
સ્વ.તા.૨૪.૦૬.૨૦૨૬

જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।
તસ્માદપરિહાર્યેઽર્થે ન ત્વં શોચિતુમર્હસિ ॥

દિલગીરી સહ જણાવવાનું કે મારા પત્ની શ્રીમતી
આશાબેન જગદીશચંદ્ર દેસાઈનું
તા.૨૪.૦૬.૨૦૨૬ બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

જન્મ-મૃત્યુ સૃષ્ટિનો અટલ અને શાશ્વત નિયમ છે, આ પરમ સત્યને સ્વીકારી સદ્‌ગતની અંતિમ ઈચ્છાનુસાર લૌકિક રિવાજ, ઉત્તરક્રિયા કે બેસણું રાખેલ નથી

લિ.
જગદીશચંદ્ર ગોપાળજી દેસાઈ
કૃતિ વાંસિયા (પુત્રી)
ડો.કૃણાલ વાંસિયા એડવોકેટ (જમાઈ)
ત્વિષા વાંસિયા (પૌત્રી)

સોળમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી

સ્વ. દલસુખભાઈ
રામજીભાઈ સુરતી
સ્વ. તા. ૨૬-૦૬-૨૦૧૦
ગામઃ સોંસક

મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે. એટલે જ મરણ કરતા સ્મરણ વધુ યાદગાર બને છે. જેમાં આપણી સ્મૃતિ એક વરદાન છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.

લિ.
રમાકાંત ડી. સુરતી
તથા પરિવાર

અગિયારમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. વિનયકુમાર
મગનભાઈ ટેલર
સ્વ. તા. ૧૫-૦૭-૨૦૧૫
કતારગામ